# અજ્ઞાતકર્તૃક "નેમિનાથ ભાસ"

## સં. વિધાત્રી વોરા

પ્રસ્તુત કાવ્ય 'ભાસ' પ્રકારની કાવ્યરચના છે. એ 'નેમિનાથ ભાસ' એવા નામે હોવા છતાં વાસ્તવમાં ગિરનાર યાત્રાવર્ણન છે.

આરંભમાં જ કવિ સોરઠદેશમાં જૂનાગઢમાં રાજુલવર-નેમિનાથની સ્તુતિ ગાવાનો નિર્દેશ કરે છે. સાથે સાથે જ યુગાદિદેવ, વીર અને પાર્શ્વનાથને વંદના કરે છે. એટલે કે સોરઠપ્રદેશે ગિરનાર ઉપર નેમિનાથની યાત્રાએ જતાં 'ઉપરકોટ'માંના શત્રુંજયાવતાર આદિનાથ, સત્યપુરમંડન મહાવીર સ્વામી અને તેજલવસહી-પાર્શ્વનાથના મંદિરોના દર્શનનો નિર્દેશ અહીં અભિપ્રેત છે.

બીજી કડીમાં 'સોવનરેહ (સોનરેખ-સુવર્ણરેખા)' નદીનો ઉલ્લેખ કરી, સાતમી કડીમાં દામોદર-કુંડ સુધી આવતાં વચ્ચેની ચાર કડીમાં કવિ પ્રકૃતિવિહારની મોજમાં રાચે છે. આઠમી કડીમાં ફરી વર્ણનવિભોર બની, નવમી કડીમાં ગિરનારની 'પાજ'નો ઉલ્લેખ કરે છે. 'ફિરિ આવ્યાં સરગકિ ટૂંકડાં' એમ દસમી કડીમાં કવિ 'કોટ' સુધી આવી પહોંચ્યા લાગે છે. અને ત્યાંના સજ્જનમંત્રિએ બંધાવેલાં જિનાલય (કડી ૧૧), તે પછી 'નાગઝરા – મોરઝરા', 'ગજપદકુંડ' અને 'મુચકુંદ'ની ગુફાનો નિર્દેશ કરે છે. (કડી ૧૨) — ૧૩મી કડીમાં 'નેમિનાથનું કલ્યાણત્રય'નું મંદિર, અષ્ટાપદ અને 'સમેતશિખરનાં લલિતાપતિ (વસ્તુપાલ')એ કરાવેલાં વિહારનાં દર્શન કરે છે. પછી રાજીમતીને સ્મરી, 'અંબાજી', 'અવલોકન (ગુરુદત્તાત્રય), 'સાંબ (શાંબ-ગોરખનાથ)', 'પજૂન (પ્રદ્યુમ્ન–ઓઘડનાથ)' અને 'સિદ્ધિ વિનાયક'ના સીધાં ચઢાણની આકરી પાજનો ઉલ્લેખ કરે છે. કડી ૧૬માં 'સહસાવન (શેષાવન – સહસ્રામ્રવન)' 'લસ્સવણુ (લાખાવન – લક્ષામ્રવન)'ને ટાંકી પાછા 'ગજપદકુંડ' આવી, નેમિનાથની પૂજા કરી ભક્તિભાવે ભાસ પૂરી કરે છે.

પ્રકૃતિના વર્ણન પ્રાધાન્યવાળી રચના હોવા છતાં ધાર્મિક ભાવનાનો અંતઃસ્રોત સતત વહે છે. માત્ર ૧૭ કડી જેટલું ટૂંકું હોવા છતાં તેમાં ઐતિહાસિક માહિતી ભરપૂર છે, એ કાવ્યની વિશેષતા છે.

લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરની નં. ૮૬૦૧, ૨૪ × ૯.૯ સે. મિ. માપની આ પ્રતિમાં વિષય અને કર્તાના વૈવિધ્યવાળી કુલ ૧૫૦ રચનાઓ છે. આ રચના પત્ર ૬૩–૬૪ અને ૧૬૬–૧૬૭માં છે જેને અનુક્રમે अ અને ब સંજ્ઞાથી સમજીને પાઠભેદ નોંધ્યા છે. અક્ષરો અસ્પષ્ટ છે તદુપરાંત ક્યાંક ક્યાંક શાહી રેલાઈ જવાથી બગડયા છે. પ્રતિનો લિપીકાળ સોળમા શતકથી અર્વાચીન નથી. જ્યારે ભાસની રચના પંદરમા શતકના પૂર્વાર્ધમાં થઈ હોવાનું ભાષાના અધ્યયનથી જણાય છે.

## નેમિનાથ ભાસ

સહી સોરઠમંડલ જાઈયઇ
રાજલિવર રંગિઇ ગાઈયઇ
જઉ જૂનઇગાઢિ યુગાદિદેવ
વીર-પાસ-જિણેસર કરું સેવ–૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પોલિ વઉલીય સોવનરેહ તીરિ
સીયલ જલ નિર્મલ અઇ ગંભીર
તરુયરતલિ દીસઇ વિસમ ઘાટ
રવિકિરણ ન લાગઈ તેણ વાટ–૨

વામદાહિણ પરવત તણીય ઉલિ
દીસઈ તલિ વિસમ ઓલિ
રાયણ ઘણ ગહરીય છાંહડી
ધન ચાલંતિ લોડતં બાંહડી–૩

તલિ પાચીય પડઇંતિ કોકડી
ત્રસ ભૂખ નહી તિહાં ઢૂકડી
સહકારિઇ કોયલિ ટહુકડઉ
કામિણિ મનિ હરખિઇ ટહુકડઉ–૪

અંબ આંબીય ઊંબર આંબિલી
ફલ ભરીય તિ દીસઇં અતિ ભલી
સરલા તરુ કેવીય માધુરી
દીસઇં દલ ફલ ફૂલિ સાથર–૫

વર વણસઇ વિકસીય કુસુમભારિ
સોહામણી મહૂયરિ રણઝણારિ
આલેંરીય આણંદિ વન મઝારિ
રછયલિ છય રતિ રમઇ તે ભોલૂયારિ–૬

દામોદર દાહિણિ દિસિ નિહાલિ
કેકિ કરઇ તિ તાંડવ મિલીય તાલિ
કાલમેઘિઇ કલરવ કરઇ કોવિ
એક ચ્છાહ છાહી ચિહુ ગમેવિ–૭

સવિ મારગ સાંકડ વાંકડા
રંગિ રમતા દીસઇં માંકડાં
નીઝરણ ઝરણ રણઝણ ઊતરઇ
તીણ નાદિઇ મયૂરીય રવ કરઇ–૮

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેલિ કુંદરિ કિંનરી રમઇ રાસ
સોહાવ ઊજલિગિરિ નિવાસ
પાજ પાણીય પરિઘલ પરવડી
ચાલતી ચાચરિ રમઇ ગોરડી–૯

જિમ જિમ ચડિયાં ઊચાં ટૂકડાં
કિરિ આવ્યાં સરગ કિ ઢૂંકડાં
ઊજિલિગિરિ ઊપરિ જોઈઇ
પ્રુવ્વભવ કય કલિમલ ધોઈઇ–૧૦

અતિ ઊલટિ સાજણુ મંત્રિ વિહારિ
ધન નેમિ નિહાલઇ તિ નરનારિ
સુંદર જિણમંદિર મઠ વિશાલ
રંગિ રાસ રમઈ તિહાં મિલીય બાલ–૧૧

નાગઝિરિ મોરઝિરિ ઝરઝરઈ નીર
ગયંદમઇ જમલિ નહી અમીય ખીર
મચકુંદ નીમાલીય જાઇ વેલ
ચંપકવણિ અલીયલ કરઈ ગેલિ–૧૨

કલ્યાણત્રય વાસવ ઠાણુ ચંગ
આદિમદિર જોય તાં અતિહિ રંગ
અટ્ઠાવઇ સંમેતસહિર સાર
લલતાપતિ કરીય સારુયાર–૧૩

જબ કાજલ વન ઘન કંકૂય લોલ
રાજમતીય જોય તાં રંગિ રોલ
પંચાયણ ગામિણિ પઢમ અંબ
અવયોલયણુ બીજ ય તીય સંબ–૧૪

તુંગિ શ્રૃંગિ રંગિ ચઉત્થઇ પજૂન દેવ
તિહાં સિદ્ધિ વિણાયક કહઇ કેવિ
નીસરણી દોહિલી કડી સેર
કાયર જણ ચડતાં ચડઈ ફેર–૧૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દિસઇ દુહુદિસિ તુંગ શ્રુંગ
સહસ્સંબ-લસ્સવણુ પમુહ ચંગ
ત્રિહુ ભૂયણે ઉપમા નહીય જાસ
ગગનાચલ છાંડઇ ભવહુ પાસ–૧૬

ગજપદ–જલિ નેમિઇ ન્હવીય અંગ
પ્રભ પૂજીય પૂરિસુ મનહ રંગ
ભાવિ ભગતિહિં ભણેસિઇ એઉ ભાસ
સિરિ નેમિ પૂરેસિઇ ભવિય આસ–૧૭

—ઇતિ

### પાઠભેદ

૧.૧ મંલિ જાઇઇ અ;
૧.૨ – ગાઇઇ અ – ૧.૩ જય; જોગાદિ ૧.૪ કરઉં
૨.૨ નિમ્મલ અય ૨.૩ વિસમા – ૨.૪ તીણુ અ
૩.૧ પરબત ઓલિ – ૩.૨ દીહર
૪.૨ ત્રિસ; ૪.૩–૪ ટહિકડઉ – ૫.૪ માથરા
૬.૧ ભારુ અ; ૬.૨ મહૂયલિ; ૬.૩ આભેંરી અ
૭.૪ એક ચ્છાંહ ઈં ચ્છાહીય ચઉહ ગમેવિ.
૮.૩ ઉવરઈ – ૯.૩ પરઘલઅ
૧૦.૧ ચડચાં અ; ટકડાં – ૧૦.૨ ટૂકડાં
૧૦.૩ જોઈય ૧૦.૪ ધોઈય – ૧૧.૧ વિહપરે
૧૧.૨ જે અ; – ૧૨.૧ ઝિરમિરઈ – ૧૩.૨ જોઇ અ
૧૪.૨ લોલ અ; – ૧૬.૨ લખાવનિ અ; ૧૬.૩ ઊપમ
૧૭.૩ એઓ – ૧૭.૪ તીહ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org